આજથી પવિત્ર શ્રાવણ માસ

ભાવિકો ભાળાનાથના ભક્તિરસમાં તરબોળ થશે : નગરના શિવમંદિરોમાં અનોખી સજાવટ : શિવલીંગ પર જળ અને બીલીના અભિષેક ઉપરાંત વિશિષ્ટ પુજા અર્ચના કરવા ભાવિકોની મંદિરોમાં ભીડ જામશે

નગર આસપાસના પૌરાણિક શિવમંદિરોમાં પણ લઘુરુદ્ર, મહાઆરતી , ભજન સહીતના કાર્યક્રમો : વાવોલ રામધામમાં રામકથાનો પ્રારંભ અને કલાત્મક હીંડોળા દર્શન : નગર બમ બમ ભોલેના જયઘોષથી ગુંજી ઉઠશે

ગાંધીનગર તા ૨૩

આજથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થતા શિવમંદિરોમાં ભાવિકોની ભીડ જામશે. ભોળાનાથના ભક્તિ પર્વ સમા શ્રાવણ માસમાં શિવની કૃપા દ્રષ્ટી મેળવવા માટે ભાવિકો શિવલીંગ પર જળાભિષેક અને બીલીપત્ર અર્પણ કરી પુજા અર્ચના કરશે. બમ બમ ભોલેના જયઘોષથી શિવમંદિરોમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થયેલી જોવા મળશે. ગાંધીનગરના શિવમંદિરો ઉપરાંત આસપાસના વિસ્તારમાં પણ પૌરાણિક શિવાલયોમાં પુજા અર્ચનાનુ વિશેષ મહત્વ હોવાથી દુર દુર થી ભાવિકો ઉમટી પડશે. પવિત્ર શ્રાવણ માસને અનુલક્ષી ગાંધીનગરના વિવિધ મંદિરોને સુશોભિત કરવામાં આવ્યા છે. જયારે શિવમંદિરોમાં લઘુરુદ્ર, શિવમહીમ્મન સ્તોત્ર મહાઆરતી અને આનંદના ગરબા સહીતના ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. શિવજીને વિવિધ શણગાર કરવાનુ પણ આયોજન ભાવિકો દ્વારા કરવામાં આવ્યુ છે.

આજથી ભાવિકો ભોળાનાથની ભક્તિમાં રસતરબોળ થશે. પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ભોળાનાથને રીઝવવા માટે શિવજીની વિશિષ્ટ પુજા અર્ચના કરે છે. ઓમ નમ : શિવાય અને બમ બમ ભોલેના જયઘોષથી શિવમંદિરો ગુંજી ઉઠશે. નગરના શિવમંદિરોમાં પવિત્ર શ્રાવણ માસના વધામણા કરવા માટે શિવપુજાના વિશેષ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. શ્રાવણ માસનો પ્રારંભ જ સોમવારથી થતો હોવાથી ભાવિકોનો ઉત્સાહ બેવડાયો છે. શ્રાવણિયા સોમવારે શિવમંદિરોમાં વિશિષ્ટ પુજા અર્ચના માટે અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં લઘુરુદ્ર , શિવમહીમન સ્તોત્ર , મહાઆરતી ભજન તેમજ શિવલીંગને વિવિધ શણગાર કરવામાં આવશે. સવારથી જ શિવમંદિરોમાં શિવલીંગની પુજા અર્ચના કરવા માટે ભાવિકોની ભીડ જામશે. ભોળાનાથને જળાભિષેક કરી બીલીપત્ર અર્પણ કરીને ભાવિકો ધન્યતા અનુભવશે. શ્રાવણ માસને અનુલક્ષી નગરના શિવમંદિરોને રોશનીથી સુશોભિત કરવામાં આવ્યા છે. જયારે શિવમંદિરોમાં રંગોળી સહીત શિવલીંગને પણ વિવિધ પ્રકારના શણગાર કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં વધુ સવા ઈંચ વરસાદ

વરસાદી માહોલ યથાવત રહ્યો : ધીમી ધારે વરસાદ વરસ્યો : કુલ વરસાદ ૪૫૪ મીમી સુધી પહોંચ્યો

ગાંધીનગર, તા. ૨૩

છેલ્લા કેટલાય દિવસોથી છવાયેલો વરસાદી માહોલ હજુ યથાવત રહ્યો છે. જો કે વરસાદનું જોર ઘટયું છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન શહેરમાં વધુ ૩૧ મીમી વરસાદ નોંધાયો છે.

ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં મેઘાની સવારીએ ભારે જમાવટ કરી છે. કયાંક ભારે તો કયાંક અતિ ભારે વરસાદ રાજયના વિવિધ ભાગોમાં પડી રહ્યો છે. વરસાદની બીજી ઈનિંગ ગાંધીનગર માટે પણ ફળદાયી રહી છે. શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી સારો એવો વરસાદ પડી રહ્યો છે. બે દિવસ સુધી ભારે વરસાદ પડયા બાદ આજે વરસાદ થોડોક થંભ્યો હતો. ગઈ કાલે મોડી રાત્રે ધીમી ધારે વરસ્યા બાદ આજે પણ આખો દિવસ કયારેક ધીમી ધારે વરસાદ વરસતો રહ્યો હતો. જો કે ગઈ કાલ જેટલો ધોધમાર વરસાદ ન પડતા આજે વસાહતીઓ ઘરની બહાર નીકળી શકયા હતા. રવિવારની રજાના પગલે

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં ૪ સ્થાનો પર ૬ વૃક્ષો પડ્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં આજે પણ દિવસ દરમ્યાન ફર-ફર અને ક્યારેક ઝાપટા સ્વરૂપે વરસાદ વરસતો રહેતાં તેની શહેરના જનજીવન પર અસરો પડી હતી. ગાંધીનગર શહેરમાં આજે ચાર જેટલા સ્થાનો પર ૭ થી વધુ વૃક્ષ પડી જવાની ઘટનાઓ પણ સામે આવી છે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ટાટા ચોકડી નજીક એક વૃક્ષ પડી જવા પામ્યુ હતુ. આ ઉપરાંત સે. ૩૦માં પોલીસ મહાનિર્દેશકની કચેરી બાજુ પણ બે વૃક્ષો ધરાશયી થયા હતા. આ ઉપરાંત સે. ૩૦માં જ 'છ' ટાઈપના બ્લોક નં. ૮૯/૪ નજીક એક વૃક્ષ પડી જવા પામ્યું હતું. ચ-૫ ફુવારા નજીક પણ એક વૃક્ષ પડી જવાની ઘટના સામે આવી છે. વૃક્ષો ધરાશયી થતાં કોઈ જાનહાનિ નહિ થઈ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

વિપક્ષના નેતાપદેથી રાજીનામુ આપતા પત્રમાં

પક્ષ છોડવા માટે પ્રદેશ નેતાગીરી જ જવાબદાર હોવાનો શંકરસિંહ વાઘેલાનો સ્પષ્ટ ઉલ્લેખ

ત્રણ પાનાના વિસ્તૃત પત્રમાં વાઘેલાએ આભાર પણ માન્યો પરંતુ પ્રદેશના નેતાઓ સામે તીર તાકવાનું ભૂલ્યા નહિ

ગાંધીનગર, તા. ૨૩

શંકરસિંહ વાઘેલાએ વિપક્ષના નેતાપદેથી રાજીનામુ આપતો ત્રણ પાનાનો પત્ર આજે જાહેર કરતાં રાજકીય પ્રવાહો વધુ ઉત્તેજીત બન્યા છે.

વાઘેલાએ તેમના આ રાજીનામાનો પત્ર કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષાને લખ્યો છે જેમાં તેમણે પક્ષ છોડવા માટે મજબુર બનવાની સમગ્ર જવાબદારીનું ઠીકરૂ પ્રદેશ કોંગ્રેસના નેતાઓ પર ફોડ્યુ છે.

સોનિયા ગાંધીને લખેલા પત્રમાં તેમણે ગોધરા અને સાબરકાંઠાની લોકસભાની ચૂંટણી હરાવવામાં પ્રદેશના જ કેટલાક નેતાઓની સામેલગીરી હોવાનો ઉલ્લેખ કર્યો છે. આ ઉપરાંત પક્ષ છોડવાની સ્થિતિ ઉભી કરવાનું ષડયંત્ર પણ રચાયુ હોવાની વાત તેમણે આ પત્રમાં કહી છે.

તેમણે તેમના આ પત્રમાં યુ.પી.એ. સરકારમાં સ્થાન આપવા, વિપક્ષના નેતા તરીકેની જવાબદારી સોંપવા સહિતની પક્ષીય કામગીરીમાં મહત્વના સ્થાનો પર પહોંચાડવા માટે

● અનુસંધાન પાન-૭ પર

કાર્યકારી વિપક્ષના નેતા તરીકે મોહનસિંહ રાઠવાની પસંદગી કરાઈ

બુધવારે ધારાસભ્યોની બેઠક મળશે : રાજ્યસભા ચૂંટણી બાદ નવા વિપક્ષી નેતા નિમાશે

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા તરીકેનો તત્કાલ હવાલો પક્ષના ઉપનેતા અને સિનીયર ધારાસભ્ય મોહનસિંહ રાઠવાને સોંપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમજ પ્રદેશ પ્રમુખ તરીકે ભરતસિંહ સોલંકી રાજીનામુ નહિ આપે તેવી સ્પષ્ટતા પણ દિલ્હીથી પક્ષના આગેવાનો દ્વારા કરી દેવામાં આવી છે.

દરમ્યાન બુધવારે પ્રદેશ કારોબારી સમિતિની બેઠક અને સાંજે પક્ષના ધારાસભ્યોની મહત્વની બેઠક પ્રદેશ નિરીક્ષકોની હાજરીમાં મળશે.

કાર્યકારી વિપક્ષના નેતા મોહનસિંહ રાઠવા સહિતના તમામ ધારાસભ્યોની મળનારી બેઠકમાં રાજ્યસભાની ચૂંટણીને લઈ પક્ષના સભ્યોને વ્હીપ આપવામાં આવશે એટલુ જ નહિ આ બેઠકમાં ક્રોસ વોટીંગ

● અનુસંધાન પાન-૭ પર

મતદાર યાદીમાં વધુ સાત હજાર નવા મતદારોની અરજીઓ

૬ હજારથી વધુ અરજીઓ નામ સુધારણા માટે મળી તો ૨૮૦૦ જેટલી અરજીઓ નામ રદ કરવા માટે મળી : ગાંધીનગર (ઉ)માં સમગ્ર ઝુંબેશ દરમ્યાન સૌથી નબળો પ્રતિસાદ

ગાંધીનગર, તા. ૨૩

મતદારયાદી સુધારણા ઝુંબેશ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે. ત્રણ રવિવારની સઘન ઝુંબેશ અભિયાનના આજના અંતિમ રવિવારે ૭૪૦૦થી વધુ અરજીઓ નવા નામ દાખલ કરવા માટેની તંત્રને મળી છે.

આજની આ સઘન ઝુંબેશ અભિયાન દરમ્યાન ૬ હજાર જેટલી અરજીઓ નામ સુધારણા માટેની પણ મળી છે.

વરસાદી માહોલ વચ્ચે પણ આજે આખો દિવસ લોકોએ ભારે ઉત્સાહ સાથે તેમના નામ દાખલ કરાવવા માટે બુથ સુધી પહોંચ્યા હતા. આજની ઝુંબેશનો વ્યાપક પ્રતિસાદ દર વખતની જેમ ગાંધીનગર (દ) બેઠક પર જ મળવા પામ્યો છે. જ્યારે સૌથી નબળો પ્રતિસાદ ગાંધીનગર(ઉ) બેઠક માટે રહેવા પામ્યો છે.

આજે ગાંધીનગર(દ)માંથી ૩૫૦૦ જેટલી અરજીઓ નામ દાખલ કરવા માટેની મળી હતી. જ્યારે ગાંધીનગર (ઉ)માંથી સૌથી ઓછી ૩૫૦ જેટલી અરજીઓ મળી હતી. દહેગામમાંથી ૬૦૦થી વધુ, માણસામાંથી ૧૫૦૦થી વધુ તો કલોલમાં પણ ૧૨૦૦ જેટલી અરજીઓ મળી હતી.

નામ સુધારણા માટે પણ ૬ હજારથી વધુ અરજીઓ મળવા પામી છે. તંત્રને આજે મળેલી અરજીઓમાં ૨૫૦૦ જેટલી અરજીઓ નામ રદ કરવા માટેની પણ મળી હતી.

ત્રણેય રવિવાર દરમ્યાન તંત્રને નામ દાખલ કરવા માટે ૧૯ હજારથી વધુ અરજીઓ મળી હોવાનું જાણવા મળેલ છે. આ ઝુંબેશ દરમ્યાન જિલ્લામાં ૨૫ હજાર જેટલા નવા મતદારો નોંધાશે તેમ રાજકીય વિશ્લેષકોનું માનવુ છે.

ગરવી ગુર્જરી
ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ. લી.
(ગુજરાત સરકારનું સાહસ)
ગરવી ગુર્જરીની અદ્‌ભુત ઓફર
UP TO 50% OFF

માહિતી/૧૧૦૬/૧૭-૧૮
પટોળા સાડી । બાંધણી સાડી । ડેસ મટીરીયલ । એમ્બ્રોયડરી ટોપ । ચાદર । બેગ । કુશન કવર । શાલ । જેકેટ । સ્ટોલ્સ । ઝવેરાત । દુપટ્ટા । ફાઈલ ફોલ્ડર । વરલી પ્રિન્ટીંગ અને વધુ..
estoregurjari garvigurjari6986 gurjarimail2014 Garvi Gurjari Garvi Gurjari
શોરૂમ
અમદાવાદ: આશ્રમ રોડ । આંબાવાડી । એરપોર્ટ । અમદાવાદ હાટ । ગાંધીનગર / કુડાસણ । આણંદ । બરોડા । ભરૂચ । સુરેન્દ્રનગર । સુરત / રાજકોટ / ભાવનગર / ભુજ
ઓનલાઈન ખરીદી માટે: www.garvigurjari.in

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
મમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

જય રણછોડ... જય દ્વારકાધીશ...
પુણ્યતિથિએ ભાવાંજલિ

સ્વ. મંગળદાસ ગુલાબદાસ પટ્ટણી
સ્વ. તા. ૨૪-૭-૨૦૧૫
આજે આપની વિદાયને બે વર્ષ પૂર્ણ થાય છે... ત્યારે આપના આત્માને ચિર શાંતિ માટે દ્વારકાધીશના ચરણોમાં પ્રાર્થના... આપના સંસ્કારો અમારા જીવનનો માર્ગ બની રહ્યા છે.
પૂજ્ય બાપુજી,
આપની પુણ્યતિથિએ શત્ શત્ વંદન...
લિ.
રાજુભાઈ ● સુરેશભાઈ ● સુનિલભાઈ
તથા સમસ્ત પટ્ટણી પરિવાર
૨૪૩, ઈન્દીરાનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com